સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

ભાદરવા સુદ - ૦૬ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

સત્ય સુરજ જેવું હોય છે એ થોડીક વાર સંતાઈ તો શકે છે, પણ એ રહે છે હંમેશા માટે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૮૫ ● તારીખઃ ૧૭.૦૯.૨૦૨૬, ગુરૂવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


**પહેલા વરસાદે જ ખોલી પુલની પોલ!**

# સૌરાષ્ટ્રના સૌથી મોટા પુલ પર મસ-મોટા ખાડા, તંત્રના 'નામ પૂરતા' સાંધાથી વાહનચાલકો પર જોખમ

## વરસાદી પાણી ઓસરતાં જ રસ્તાની ગુણવત્તા સામે સવાલો...ખાડા પૂરાયા કે માત્ર ઔપચારિકતા? રોજિંદા પસાર થતા હજારો વાહનચાલકો પર અકસ્માતનું જોખમ

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગર શહેરમાં વિકાસના દાવાઓ વચ્ચે સૌરાષ્ટ્રના સૌથી મોટા પુલ તરીકે ઓળખાતા આ પુલની હાલત પ્રથમ વરસાદ બાદ જ ચિંતાજનક બની છે. ચાલુ ચોમાસાની શરૂઆતના વરસાદ બાદ પુલ પર અનેક સ્થળોએ મસ-મોટા ખાડા પડી જતાં રસ્તાની ગુણવત્તા અને જાળવણી કામગીરી સામે સવાલો ઊભા થયા છે. મહત્વની વાત એ છે કે ખાડા પડ્યા બાદ તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરી પણ વાહનચાલકોની મુશ્કેલી દૂર કરવાને બદલે માત્ર નામ પૂરતી કામગીરી હોવાનું સ્થાનિકોમાંથી આક્ષેપો થઈ રહ્યા છે.

વરસાદ બાદ પુલના માર્ગ પર ઠેર-ઠેર ખાડા જોવા મળતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ જતાં તેમની ઊંડાઈનો અંદાજ ન આવતા અકસ્માતનું જોખમ વધી જાય છે. બે-ચક્રી વાહનચાલકો માટે તો આવી સ્થિતિ વધુ જોખમી બની શકે છે. ભારે ટ્રાફિક વચ્ચે અચાનક ખાડો આવતા વાહનચાલકોને બ્રેક મારવી કે વાહન વાળવાની ફરજ પડે છે, જેના કારણે પણ અકસ્માતની સંભાવના ઊભી થાય છે.





**પેચવર્ક થયું, પરંતુ સવાલ યથાવત!**

ખાડા પડ્યા બાદ તંત્ર દ્વારા કેટલાક સ્થળોએ સમારકામ કરવામાં આવ્યું હોવા છતાં, સ્થાનિકોના જણાવ્યા મુજબ આ કામગીરી કાયમી ઉકેલ જેવી જણાતી નથી. માત્ર ઉપરછલ્લું પેચવર્ક કરીને જવાબદારી પૂર્ણ કરવામાં આવી હોવાના આક્ષેપો વચ્ચે હવે સવાલ એ છે કે વરસાદ શરૂ થતાં જ જો રસ્તો તૂટી જાય તો રસ્તાના બાંધકામ અને ગુણવત્તા ચકાસણીની વ્યવસ્થા ક્યાં હતી?

જામનગરના મહત્વના મુખ્ય માર્ગ અને મોટા પુલની આવી સ્થિતિ સામે આવતા તંત્રની જાળવણી વ્યવસ્થા પર પણ પ્રશ્નાર્થ ઊભો થયો છે. દર વર્ષે વરસાદ પહેલાં રસ્તાઓની ચકાસણી અને જરૂરી સમારકામની કામગીરી કરવામાં આવતી હોવાના દાવા થાય છે, પરંતુ પ્રથમ વરસાદમાં જ રસ્તા પર ખાડા પડી જાય તો આ કામગીરીની અસરકારકતા અંગે સ્વાભાવિક રીતે સવાલો ઊભા થાય છે.

**વરસાદમાં રસ્તો કે ખાડાનો માર્ગ?**

પુલ પરથી પસાર થતા વાહનચાલકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. વાહનચાલકોનું કહેવું છે કે રસ્તા પર ખાડા પડ્યા બાદ તાત્કાલિક અને મજબૂત સમારકામ થવું જોઈએ, કારણ કે આ માર્ગ પરથી દિવસભર મોટી સંખ્યામાં વાહનો પસાર થાય છે. માત્ર ખાડામાં મટીરીયલ નાખીને રસ્તો સમતલ કરી દેવાથી સમસ્યાનો કાયમી ઉકેલ આવતો નથી. થોડા વરસાદ બાદ ફરી એ જ જગ્યાએ ખાડા પડે તો જાહેર નાણાંમાંથી થતી મરામત કામગીરીની ગુણવત્તા સામે સવાલ ઊભો થાય છે.

**જવાબદારી કોની?**

હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે પુલના માર્ગ પર પ્રથમ વરસાદમાં જ ખાડા પડવા પાછળનું કારણ શું છે? રસ્તાના બાંધકામમાં ક્યાંક ખામી રહી છે કે પછી સમયસર જાળવણી ન થવાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે? જો તંત્ર દ્વારા તાજેતરમાં જ પેચવર્ક કરવામાં આવ્યું હોય તો તેની ગુણવત્તા કેટલી ટકાઉ છે? અને જો ફરી વરસાદ પડે તો આ ખાડાઓ ફરી ઊંડા નહીં થાય તેની ખાતરી કોણ આપશે?

શહેરના મહત્વના પુલ પર સર્જાયેલી આ સ્થિતિને માત્ર સામાન્ય ખાડાની સમસ્યા તરીકે જોવાને બદલે તંત્ર દ્વારા સમગ્ર માર્ગની ટેકનિકલ તપાસ કરાવી, જરૂરી હોય ત્યાં કાયમી ધોરણે રસ્તાનું રિસરફેસિંગ અને ગુણવત્તાયુક્ત સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

પ્રથમ વરસાદે જ રસ્તાની હકીકત સામે લાવી દીધી છે. હવે જોવાનું એ છે કે તંત્ર ફરી એકવાર 'સાંધા' કરીને સંતોષ માને છે કે પછી પુલના રસ્તાની મૂળ સમસ્યાનો કાયમી ઉકેલ લાવે છે.

# ગાંધીનગર મનપા ચૂંટણીનું રણશિંગુ ફૂંકાયું, ૧૧ ઓક્ટોબરે મતદાન

## ૪૪ બેઠકો... ૨.૫૬ લાખ મતદારો... ૧૧ ઓક્ટોબરે ગાંધીનગરમાં લોકશાહીનો મુકાબલો

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ગાંધીનગર મનપાની ચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાના કુલ ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે આગામી ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મતદાન યોજાશે, જ્યારે ૧૩ ઓક્ટોબરના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે અને પરિણામ જાહેર કરવામાં આવશે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે.

ગાંધીનગર મનપાની આ ચૂંટણીમાં કુલ ૨ લાખ ૫૬ હજાર ૪૪૩ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. મતદાન માટે સમગ્ર શહેરમાં કુલ ૨૯૫ મતદાન મથકો ઊભા કરવામાં આવશે. મતદારો સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરી શકશે. મતદાન પ્રક્રિયા ઈવીએમ દ્વારા હાથ ધરવામાં આવશે.

ચૂંટણી કાર્યક્રમની વાત કરીએ તો ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૬ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે. ત્યારબાદ ૨૮ સપ્ટેમ્બરે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે, જ્યારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ ૨૯ સપ્ટેમ્બર રહેશે. ત્યારબાદ ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારોનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થશે.




ગાંધીનગર મનપાની ચૂંટણીની જાહેરાત થતાં જ રાજકીય પક્ષોમાં પણ તૈયારીઓ તેજ બની છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી, સંગઠનાત્મક તૈયારીઓ અને ચૂંટણી પ્રચારને લઈને કવાયત શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે સંભવિત ગઠબંધન અંગે પણ રાજકીય ચર્ચાઓ ચાલી રહી હોવાના અહેવાલો સામે આવ્યા છે. જોકે, ગઠબંધન અંગે અંતિમ સ્થિતિ પક્ષોની સત્તાવાર જાહેરાત બાદ જ સ્પષ્ટ થશે.

ગાંધીનગરની સ્થાનિક ચૂંટણીમાં શહેરના પ્રાથમિક નાગરિક પ્રશ્નો પણ મહત્વના મુદ્દા બની શકે છે. પાણી, રસ્તા, સફાઈ, ડ્રેનેજ અને શહેરી સુવિધાઓ જેવા મુદ્દાઓ ચૂંટણી પ્રચાર દરમિયાન ચર્ચાના કેન્દ્રમાં રહેવાની શક્યતા છે.

ગાંધીનગર મનપાની અગાઉની ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપે ૪૪માંથી ૪૧ બેઠકો જીતી હતી. કોંગ્રેસને બે અને અન્ય એક બેઠક મળી હતી. આ વખતે ચૂંટણીનું રાજકીય ચિત્ર અગાઉની સરખામણીએ કેવી રીતે બદલાય છે, તે જોવાનું રહેશે. ગાંધીનગર ઉપરાંત રાજ્યમાં ઓખા, ભાણવડ અને થરા નગરપાલિકા સહિત અન્ય સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ તથા કેટલીક પેટાચૂંટણીઓ પણ યોજાવાની જાહેરાત કરવામાં આવી છે. એટલે આગામી દિવસોમાં રાજ્યના સ્થાનિક રાજકારણમાં ચૂંટણીલક્ષી ગતિવિધિઓ વધુ તેજ બનવાની છે.

હવે ગાંધીનગરના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર કોણ ઉમેદવારી નોંધાવે છે, કયા પક્ષો વચ્ચે કેવા રાજકીય સમીકરણો રચાય છે અને મતદારો કયા સ્થાનિક મુદ્દાઓને પ્રાથમિકતા આપે છે તેના પર સૌની નજર રહેશે. ૧૧ ઓક્ટોબરે મતદાન અને ૧૩ ઓક્ટોબરે પરિણામ સાથે ગાંધીનગર મનપાની નવી રાજકીય તસવીર સામે આવશે.

# મિડલ ઈસ્ટમાં ઈરાન-યમન અને સાઉદી અરેબિયા વચ્ચે યુદ્ધનો જ્વાળામુખી ફાટ્યોઃ વૈશ્વિક ઊર્જા સપ્લાય અને આર્થિક ગણિત ખોરવાવાનો ભય

## દરિયાઈ માર્ગોની નાકાબંધી અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાથી ક્રૂડના ભાવ ભડકવાની શંકા; અમેરિકા અને પાકિસ્તાને અંતર જાળવતાં સાઉદી સંકટમાં મુકાયું

**સમય સંદેશઃ ડેસ્ક**

મિડલ ઈસ્ટમાં ઈરાન, યમન અને સાઉદી અરેબિયા વચ્ચે ભડકેલો વર્તમાન સંગ્રામ હવે કોઈ સામાન્ય સરહદી વિવાદ ન રહેતાં વૈશ્વિક સત્તાના ગણિતને મૂળમાંથી હલાવી નાખનારી મોટી કટોકટી બની ગયો છે. સપ્ટેમ્બર ૨૦૨૬ની આ પરિસ્થિતિ વચ્ચે સાઉદી અરેબિયાની સિક્યોરિટી અને કાચા તેલના નિકાસ પર ગંભીર અસરો જોવા મળી રહી છે. વિશ્વમાં ક્રૂડ ઓઈલ ઉત્પાદનમાં બીજા ક્રમે આવતા સાઉદી અરેબિયામાં કટોકટી ઘેરી બની છે, કારણ કે યમનના હુથી વિદ્રોહીઓએ રેડ સીના મુખ્ય પ્રવેશદ્વાર ગણાતા બાબ અલ



મંદેબ અને હોર્મુઝ સ્ટ્રેટ જેવા દરિયાઈ માર્ગો પર અસર પહોંચાડીને તેલ પુરવઠાની નસ દબાવી દીધી છે. આ પરિસ્થિતિને કારણે આગામી દિવસોમાં વૈશ્વિક સ્તરે તેલ-ગેસના ભાવ વધવાની અને ભારત સહિતના દેશો પર આર્થિક બોજ વધવાની પૂરતી શક્યતા છે.

હુથી વિદ્રોહીઓ છેલ્લા કેટલાક સમયથી માત્ર નાનું બળવાખોર જૂથ ન રહેતાં બેલિસ્ટિક મિસાઈલ, ક્રૂઝ મિસાઈલ અને અદ્યતન ડ્રોનથી સજ્જ થઈ ચૂક્યા છે. ગઈકાલે ૧૫ સપ્ટેમ્બરે સાઉદી અરેબિયા દ્વારા મક્કાની દક્ષિણ બાજુએ એક હુથી


અનુ પાના નં.૨ પર




# મધદરિયે પાકિસ્તાની જહાજ સાથે ટકરાયું ભારતીય યુદ્ધ જહાજ, પાકિસ્તાની રાજદૂતને દિલ્હીનું તેડું

**સમય સંદેશઃ નવીદિલ્હી**

અરબી સમુદ્રમાં મંગળવારે સાંજે ઉત્તર એક ગંભીર ઘટના બની હતી. પાકિસ્તાની નૌકાદળનું એક જહાજ ભારતીય નૌકાદળના ફ્રંન્ટલાઇન યુદ્ધજહાજની નજીક આવી પહોંચ્યું હતું, જે નિયમિત દેખરેખ મિશન પર હતું. પાકિસ્તાની જહાજે બિનવ્યાવસાયિક અને અસુરક્ષિત રીતે ખૂબ જ ઝડપથી દાવપેચ કર્યા, જેના પરિણામે બંને જહાજો વચ્ચે ટક્કર થઈ. આ ઘટના દરમિયાન કોઈ મોટું નુકસાન કે જાનહાનિ થઈ ન હતી. આ ઘટના આંતરરાષ્ટ્રીય જળસીમામાં


અનુ પાના નં.૨ પર


# અભિનેતા અનંત નાગને ભારતીય સિનેમાનો સર્વોચ્ચ 'દાદાસાહેબ ફાળકે ઍવોર્ડ' જાહેર



**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારતીય સિનેમા જગતના સર્વોચ્ચ અને અત્યંત પ્રતિષ્ઠિત ગણાતા 'દાદાસાહેબ ફાળકે ઍવોર્ડ'ની ગઈકાલે સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. કન્નડ સિનેમાના દિગ્ગજ કલાકાર અને પીઢ અભિનેતા અનંત નાગને ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં તેમના બહુમૂલ્ય પ્રદાન અને પેઢીઓને પ્રેરણા આપતી ભવ્ય સિનેમેટિક સફર બદલ આ સર્વોચ્ચ સન્માન આપવાની ઘોષણા PIB દ્વારા ગઈકાલે બુધવારે કરવામાં આવી હતી. દાદાસાહેબ ફાળકે ઍવોર્ડ સિલેક્શન કમિટીની ભલામણના આધારે કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે, જેને અંતર્ગત આગામી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ગુજરાતના કેવડિયા ખાતે યોજાનારા ૭૨મા નેશનલ ફિલ્મ ઍવોર્ડ્સ સમારોહ દરમિયાન તેમને આ પુરસ્કાર ભવ્ય રીતે એનાયત કરવામાં આવશે. અનંત નાગને આ સર્વોચ્ચ સન્માન મળવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાને જણાવ્યું હતું કે, અનંત નાગજીને દાદાસાહેબ ફાળકે ઍવોર્ડથી સન્માનિત થવા બદલ હાર્દિક અભિનંદન.


અનુ પાના નં.૨ પર


# જામ્યુકોની ફાયરબ્રિગેડ બની વધુ સજ્જઃ નવા ૧૦ વાહનો આવ્યા







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ફાયરબ્રિગેડ શાખાને વધુ સુસજ્જ બનાવવામાં આવી છે. સરકાર દ્વારા એક એસ્કોર્ટીંગ કાર અને સાત ફાયર ફાઇટર સહિત નવા ૧૦ વાહનો ફાળવવામાં આવ્યા છે. શહેરમાં બનતી અગ્નિ અકસ્માતની ઘટનામાં બચાવ કામગીરી કરવામાં ફાયર બ્રિગેડની ટીમને નવા સાધનો મળવાથી વધુ અસરકારકતા પ્રાપ્ત થશે.

## તંત્રી સ્થાનેથી..

### સહકારનું માળખું !

સહકારનું માળખું જાહેર થયું એટલે ભારતીય માલ માટે વિદેશી બજાર ખૂલી ગયું એવું પણ નથી. કેટલું રોકાણ આવશે, ક્યારે આવશે અને તેની શરતો શું હશે, એનો હિસાબ આવ્યા પછી જ આર્થિક સફળતાનો સરવાળો થઈ શકશે. સરકારે હવે દરેક પહેલ માટે જવાબદાર સંસ્થા, સમયમર્યાદા અને ભારતને થનારા લાભની વિગતો જાહેર કરવી જોઈએ. રાજકોટના નાના ઉત્પાદકને નવો ઓર્ડર મળે કે ભારતીય સંશોધકને કામની તક મળે ત્યારે આ મોટી બેઠકનો અર્થ સામાન્ય માણસ સુધી પહોંચ્યો કહેવાય ખરું. આતંકવાદના મુદ્દે પહેલગામ હુમલાની કડક નિંદા ભારત માટે અનુકૂળ રહી. છતાં આવી નિંદા ગયા વર્ષની રિયો બેઠકમાં પણ થઈ ચૂકી હતી. જૂની સહમતી જળવાઈ તેને સિદ્ધિ ગણવી, પણ આતંકવાદ સામે કોઈ નવો નિર્ણાયક મોરચો રચાઈ ગયો એવું ન કહેવાય. સુરક્ષા પરિષદમાં ભારતના સ્થાનનો પ્રશ્ન પણ ત્યાંનો ત્યાં રહ્યો. ભારતને વધુ મોટી ભૂમિકા મળે તેવી ભાષા ફરી આવી, કાયમી સભ્યપદ માટે ચીનનું ચોખ્ખું સમર્થન ન મળ્યું. આ બે વચ્ચે બહુ મોટું અંતર છે. દુનિયાની વ્યવસ્થા બદલવાની વાત કરતું ચીન પોતાની બાજુમાં ભારતને સરખી ખુરશી આપવા કેટલું તૈયાર છે, તેનો જવાબ હજી મળ્યો નથી. ચીન સાથેની બેઠકમાંથી પણ સરહદના વિવાદનો ઉકેલ નીકળ્યો નહીં. સરહદે શાંતિ સંબંધોનો આધાર છે અને અગાઉની સમજૂતીઓ પાળવી જોઈએ એવું મોદીએ ફરી કહેવું પડ્યું. વેપારની અસમતુલા, પુરવઠાની મુશ્કેલીઓ અને બજારમાં પ્રવેશ અંગે ચર્ચા થઈ. પરંતુ જાહેર કરાયેલી વિગતોમાં વેપારખાધ ઘટાડવાનો સમયબદ્ધ કરાર કે સરહદી પ્રશ્નનો અંતિમ ઉકેલ નથી. વાતચીત ચાલુ રહે તે સારું, વિશ્વાસ પાછો આવી ગયો એવી જાહેરાત કરવાની જરૂર નથી. ભારતની ફરિયાદો ચીન ફરી સાંભળી ગયું. હવે તે શું કરે છે તે જોવાનું છે. આ પૃષ્ઠભૂમિમાં શીની પાંચ સૂત્રી યોજના સમજવા જેવી છે. પહેલું, બ્રિક્સ માટે ખુલ્લા સ્રોતવાળી એઆઈ વ્યવસ્થા ઊભી કરવામાં ચીન આગેવાની લેશે. બીજું, વેપાર અને રોકાણ સરળ બનાવવા વિશેષ આર્થિક ક્ષેત્રો વચ્ચે ભાગીદારી થશે. ત્રીજું, ડિજિટલ ઉદ્યોગો માટે સહિયારું ક્લાઉડ માળખું બનાવાશે. ચોથું, ચીન સ્માર્ટ કારખાનાં બનાવવામાં અને ઉત્પાદનનાં ધોરણો ઘડવામાં મદદ કરશે. પાંચમું, એન્જિનિયરોની તાલીમ, લાયકાતનાં ધોરણોની પરસ્પર માન્યતા અને યુવા સંશોધકોના આદાનપ્રદાનને પ્રોત્સાહન અપાશે. પહેલી નજરે આ બધું વિકાસનું આમંત્રણ લાગે. ચીનને તેમાં શું મળશે એ પણ સાથે વિચારવું જોઈએ.



## હાલારના હાલહવાલ



# જામ-ખંભાળીયામાં સ્વચ્છતા જાગૃતિ માટે ગણપતિ મહોત્સવમાં ડસ્ટબીનનું વિતરણ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરમાં ચાલી રહેલા ગણપતિ મહોત્સવ દરમિયાન સ્વચ્છતા અને સુઘડતા જળવાઈ રહે તેમજ નગરજનો અને ગણપતિ મહોત્સવના આયોજકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધે તે હેતુથી ખંભાળિયા નગરપાલિકાના પ્રમુખ વિજયભાઈ કણજારીયાના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા વિસ્તારમાં આવેલા વિવિધ ગણપતિ પંડાલોમાં ડસ્ટબીનનું




વિતરણ કરવામાં આવ્યું હતું.

ગણપતિ મહોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે આવતા હોય છે. જેના કારણે પંડાલ તેમજ આસપાસના વિસ્તારમાં કચરો એકત્ર થવાની શક્યતા રહે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને નગરપાલિકા દ્વારા ગણપતિ મહોત્સવના આયોજકોને ડસ્ટબીન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. જેથી ભીનો તથા સૂકો કચરો યોગ્ય જગ્યાએ એકત્ર કરી અને જાહેર સ્થળોએ કચરો ન જોવા મળે.

નગરપાલિકા દ્વારા ગણપતિ મહોત્સવના આયોજકોને પણ અપીલ કરવામાં આવી હતી કે પંડાલ તથા આસપાસના વિસ્તારમાં કચરો ન ફેલાય તેની તકેદારી રાખવામાં આવે અને નગરપાલિકા દ્વારા આપવામાં આવેલા ડસ્ટબિનનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે. નગરપાલિકાની આ સ્વચ્છતા ઝુંબેશ આવકારદાયક બની રહી છે.

# લોક અદાલતના માધ્યમથી વીજ કંપનીને ૧૪૧ કરોડમાં કેસોનું થયું સુખદ સમાધાન

## પી.જી.વી.સી.એલ.ના ૭૦૫ કેસનો સ્થળ ઉપર નિકાલ થતાં રૂ.૭૫ કરોડથી વધુની થઇ વસુલાત

**સમય સંદેશઃ જામનગર**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ બિલના લેણાંની વસૂલાત માટે તાજેતરમાં યોજાયેલી લોક અદાલત વીજ કંપની માટે મોટી કમાણીનું સાધન સાબિત થઈ છે. જામનગર સર્કલ હેઠળ યોજાયેલી આ લોક અદાલતમાં માત્ર એક જ દિવસના ગાળામાં રૂ. ૧૪૧.૪૭ કરોડથી વધુની રકમનું સમાધાન કરીને વસૂલાત કરવામાં આવી છે.

જામનગર સર્કલમાં કુલ ૮૦ લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વીજ ચેકિંગ દરમિયાન પકડાયેલા ગેરરીતિના તથા વીજ બિલની



આકારણી અંગેના વિવાદિત એવા ૭,૧૧૪ કેસો રજૂ કરાયા હતા. છેલ્લા છ મહિનાથી લઈને દસ વર્ષ સુધીના જૂના કાનૂની વિવાદોથી થાકેલા અને કંટાળેલા વીજ ગ્રાહકોએ આખરે ડ્રસ્ટ્રટઈક સાથે સમાધાન સ્વીકારી લીધું હતું અને સ્થળ પર જ રૂ. ૭૫.૪૭ કરોડ રૂપિયાની રકમ ભરી દીધી હતી.

જોકે, આંકડાકીય દ્રષ્ટિએ જુઓ તો કુલ ૭,૧૧૪ કેસોમાંથી માત્ર ૭૦૫ કેસનો જ આખરી નિકાલ શક્ય બન્યો છે, જેના કારણે સમગ્ર હાલાર વિસ્તારમાં કેસોના નિકાલની ટકાવારી ખૂબ ઓછી રહી છે. જામનગર શહેર અને જિલ્લામાં હજુ પણ ૬,૪૦૯ કનેક્શનના વિવાદો બાકી બોલે છે, જેનો અર્થ એ થાય છે કે ગ્રાહકો પાસેથી હજુ પણ કરોડો રૂપિયાની વસૂલાત બાકી છે. આગામી સમયમાં આવી લોક અદાલતો યોજી બાકી કેસો ઉકેલવા વીજ કંપની પ્રયાસ કરશે.

# ખંભાળિયાના યોગેશ્વરનગરમાં વીજ કરંટ લાગતા બે ગૌવંશના મોત



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના યોગેશ્વરનગર વિસ્તારમાં સામાન્ય વરસાદ બાદ વીજ કરંટ લાગવાથી બે અબોલ ગૌવંશના મોત નીપજ્યાની કરુણ ઘટના સામે આવી છે. વરસાદના પગલે વીજ પોલ તથા વીજ લાઈન નજીક પાણી ભરાયેલા હોવાના કારણે ગૌવંશને વીજ કરંટ લાગ્યો હોવાનું કહેવાય છે.

આ ઘટનામાં બે અબોલ પશુઓએ જીવ ગુમાવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ કથિત રીતે વીજ વ્યવસ્થાની યોગ્ય જાળવણી અને સુરક્ષાના અભાવે આવી ઘટનાઓ બનતી હોવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર ઘટનાની માહિતી મેળવી જરૂરી કામગીરી હાથ ધરી હતી. અબોલ પશુઓના જીવને જોખમ ઉભું કરતી વીજ લાઈનો અને વીજ પોલ અંગે વીજ તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ કરી યોગ્ય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે તેવી સ્થાનિકો તથા જીવદયા પ્રેમીઓ દ્વારા માંગ ઉઠી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહકારી મંડળીની ૩૮મી વાર્ષિક સભાઃ નિવૃત્ત પ્રાધ્યાપકોનો યોજાશે ગરિમાપૂર્ણ સન્માન સમારોહ



પ્રોફે. ઉત્પલ જોશી, ડૉ.નેહલ શુકલ, ડૉ.કલ્પક ત્રિવેદી

**સમય સંદેશઃ જામનગર**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ૩૮મી વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૨૪/૦૯/૨૦૨૬, ગુરુવારના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આર્ટ ગેલેરી હોલ ખાતે યોજાશે. યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડો. ઉત્પલ જોશીના અધ્યક્ષસ્થાને યોજાનારા આ કાર્યક્રમમાં રાજકોટના મેયર ડો. નેહલ શુક્લ મુખ્ય મહેમાન તરીકે અને પૂર્વ ઉપકુલપતિ તથા જાણીતા શિક્ષણવિદ ડો. કલ્પક ત્રિવેદી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

આ વાર્ષિક સાધારણ સભાની સાથે સાથે તાજેતરમાં વયમર્યાદાના કારણે નિવૃત્ત થયેલા યુનિવર્સિટીના પાંચ વરિષ્ઠ પ્રાધ્યાપકોનો ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ પણ યોજાશે. જેમાં કોમર્સ ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફે. દક્ષાબા પ્રતાપસિંહ ચૌહાણ, હોમ સાયન્સ ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફે. નીલામ્બરીબેન દવે, બાયો સાયન્સ ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફે. રાહુલ કુંડુ, હોમ સાયન્સ ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફે. એચ. ડી. જોશી તથા ભૌતિક શાસ્ત્ર ભવનના પૂર્વ પ્રોફેસર અને મંડળીના ઉપપ્રમુખ ડો. જયંત ભાલોડિયાનું વિશેષ સન્માન કરવામાં આવશે.

આ દ્વિવિધ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહકારી મંડળીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ પ્રો. જે. એ. ભાલોડિયા, મંત્રી પ્રો. વી. જે. કનેરીયા, સહમંત્રી પ્રો. યોગેશ જોગસણ, ખજાનચી ડો. રંજનબેન ખૂંટ તથા કારોબારી સભ્યો પ્રો. સંજય ભાયાણી, પ્રો. આર. બી. ઝાલા, પ્રો. અતુલભાઈ ગોસાઈ, પ્રો. નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, પ્રો. મનીષ શાહ, ડો. અશ્વિનભાઈ સોલંકી અને ડો. ભરતભાઈ ખેર ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનોવિજ્ઞાન ભવનના વરિષ્ઠ પ્રોફેસર ડો. યોગેશ જોગસણ કરશે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### જામનગર જિલ્લામાં મેઘકૃપા

(પાના નં. ૪ થી આગળ)

માખાકરોડ, મેટીયા, ડેરી અને ગુંદા સહિતના આસપાસના ગામોના ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે નર્મદાનું પાણી છોડાતાં ખેડૂતોમાં આનંદની લહેર ફરી વળી છે. પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા અને જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના ચેરમેન અતુલભાઈ કમાણીના સઘન પ્રયાસોથી આ પાણી મુક્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો અને ખેડૂતોએ ઉપસ્થિત રહી આગેવાનોનું હારતોરા કરી સમાન કર્યું હતું અને આભાર વ્યક્ત કર્યો હતો. નર્મદાના નીર મળવાથી મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોના પાકને જીવતદાન મળશે.

### વીજપોલમાંથી વાયર

(પાના નં. ૪ થી આગળ)

લેવાયેલી રૂ. ૨,૨૫,૦૦૦ ની કિંમતની ગાડી અને કટર મળી કુલ રૂ. ૨,૨૫,૧૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં ચોરીનો માલ ખરીદનાર રમેશભાઈ સવજીભાઈ ભદ્રા અને ઘનશ્યામભાઈ રમણીકભાઈ મકવાણા નામના બે શખ્સોના નામ ખુલતાં તેઓને પકડવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ઝડપાયેલા આરોપીઓ પૈકી બે આરોપીઓ અગાઉ પણ ચોરીના વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા હોવાનો ગુનાહિત ઇતિહાસ ધરાવે છે.

### જામનગરમાં 3 પોલીસ

(પાના નં. ૪ થી આગળ)

કલમ ૧૧૪ હેઠળ ગુનો બનતો હોવાનું માની કોર્ટે તત્કાલીન PSI એ.ડી. પરમાર, તત્કાલીન PI એસ.એચ. આચાર્ય અને તત્કાલીન PI પી.કે. લીલા સામે સમન્સ કાઢવાનો હુકમ કરી કાનૂની કાર્યવાહીનો માર્ગ મોકળો કર્યો છે.

### સામૂહિક પારણા

(પાના નં. 3 થી આગળ)

પ્રસ્થાન થઈ હતી. જેમાં ભાઈઓ પરંપરાગત જૈન પોશાકમાં જોડાયા હતા અને રથ વહન કર્યો હતો. આ રથયાત્રા ચાંદી બજાર, રણજીત રોડ, પંચેશ્વર ટાવર, સેન્ટ્રલ બેંક રોડ થઈને પરત શેઠજી દેરાસર ખાતે સંપન્ન થઈ હતી.

### ૬૮ મૂર્તિઓનું વિસર્જન

(પાના નં. 3 થી આગળ)

રિવેરા ખાતે બનાવવામાં આવેલા કુંડમાં ૧૭ મૂર્તિઓ પધરાવવામાં આવી હતી. ગણેશ ભક્તો દ્વારા પોતાના ઘરે તેમજ સાર્વજનિક પંડાલોમાં સ્થાપિત કરાયેલી મૂર્તિઓને પૂજન-અર્ચન અને મહાઆરતી બાદ મનપાની ટીમો દ્વારા સુવ્યવસ્થિત અને સલામત રીતે કુંડમાં પધરાવવામાં આવી હતી.

જામનગર મહાનગરપાલિકા દ્વારા એરપોર્ટ રોડ (સમર્પણ સર્કલ નજીક) અને સરદાર રિવેરા સોસાયટી પાસે આશરે ૫૦ મીટર લાંબા, ૨૦ મીટર પહોળા અને ૧૦ ફૂટ ઊંડા વિશાળ કુંડ તૈયાર કરાયા છે. મનપાની પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ શાખા દ્વારા લાઈટિંગ, પાર્કિંગ અને પાણીની ઉત્તમ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તળાવ કે જળાશયોમાં પ્રદૂષણ ન થાય અને પર્યાવરણની જાળવણી થાય તે હેતુથી નાગરિકોને મનપાના કુંડમાં જ વિસર્જન કરવા અપીલ કરાઈ છે.

### પટેલ કોલોની શેરી

(પાના નં. 3 થી આગળ)

આવાસ યોજના વિસતારમાં હનુમાન ટેકરી પાસે ખુલ્લા ફાટક પાસે એક તરફ સીસી રોડનો ટુકડો, નાનો રસ્તો છે જે મુખ્ય રોડથી ઉચો હોવાથી લોકોને અવર જવરમાં પારાવાર મુશ્કેલી પડતી હતી.જેની મરામત-રીપેરીંગ માટે રેલ્વેના જનરલ મેનેજરને સામાજીક કાર્યકર રેણુકાબેન જયેશભાઇ આશાએ રજુઆત અરજી કરાતા તંત્ર દ્વારા તમામ યોગ્ય સહકારની ખાત્રી આપવામાં આવી હતી.

### જર્જરિત ઈમારત

(પાના નં. 3 થી આગળ)

પૂર્ણ કરી હતી. તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી આ ત્વરિત કામગીરીથી સંભવિત મોટી હોનારત ટળી છે અને સ્થાનિક નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો છે.

### મિડલ ઈસ્ટમાં ઈરાન

(પાના નં. ૧ થી આગળ)

ડ્રોન તોડી પાડવામાં આવ્યું હોવાના અહેવાલો વહેતા થયા હતા. સાઉદી અરેબિયાએ આ ઘટનાને આધારે ઈસ્લામના સૌથી પવિત્ર સ્થાન મક્કા પર ખતરો બતાવીને મુસ્લિમ દેશો પર ઈમોશનલ દબાણ લાવવા અને ઈસ્લામિક કાર્ડ રમવાનો પ્રયાસ કર્યો છે. સામે પક્ષે, હુથી વિદ્રોહીઓએ મક્કા પર હુમલો કર્યાના દાવાને સખત શબ્દોમાં ફગાવી દઈ પોતાની જાતને પશ્ચિમી સામ્રાજ્યવાદ સામે લડનાર ક્રાંતિકારી તરીકે રજૂ કર્યા છે.

યુદ્ધના આ મોરચે સાઉદી અરેબિયાની ઓઈલ પાઈપલાઈન લાઈફલાઈન પર પણ ભારે પ્રહાર થયો છે. ગઈકાલે અને પરમદિવસે (૧૦ અને ૧૧ સપ્ટેમ્બરના રોજ) સાઉદી અરેબિયાની ૧૨૦૦ કિલોમીટર લાંબી ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈનના પમ્પિંગ સ્ટેશન પર ડ્રોન હુમલાથી મોટું નુકસાન થયું હતું, જેનાથી દૈનિક ૭ મિલિયન બેરલ તેલ સપ્લાય કરવાની ક્ષમતાને મોટો ફટકો પડ્યો છે. EIA (એનર્જી ઈન્ફોર્મેશન એડમિનિસ્ટ્રેશન) અનુસાર હોર્મુઝ સ્ટ્રેટનો દૈનિક તેલ વાહનવ્યવહાર ૨૧.૬ મિલિયન બેરલથી ઘટીને માત્ર ૪.૯ મિલિયન બેરલ રહી ગયો છે, જ્યારે યાનબુ બંદર પર માત્ર થોડા દિવસો ચાલે તેટલો જ સ્ટોક બચ્યો છે. પરિણામે વૈશ્વિક શિપ્પિં અને કન્ટેનર ભાડામાં ત્રણ ગણો ઉછાળો છે.

સાઉદી અરેબિયાએ પોતાની સુરક્ષા માટે બનાવેલી 'મક્કા જોઈન્ટ ડિફેન્સ એગ્રીમેન્ટ' (ઈસ્લામિક નાટો) આ કપરા સમયે નિષ્ફળ સાબિત થઈ રહી હોય તેમ જણાય છે. કરાર મુજબ પાકિસ્તાન અને તુર્કીએ સાઉદીની મદદે આવવાનું હતું, પરંતુ પાકિસ્તાને આ સમયે યમનમાં લશ્કરી હસ્તક્ષેપ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. પાકિસ્તાન પોતે પણ હોર્મુઝ અને રેડ સીના સી-રૂટ્સ પર નિર્ભર હોવાથી તહેરાન (ઈરાન)ને નારાજ કરીને પોતાની ઈંધણ પુરવઠા શ્રૃંખલા જોખમમાં મૂકવા માગતું નથી. આનાથી સાઉદી અરેબિયાને રાજદ્વારી અને સૈન્ય સ્તરે મોટો આંચકો લાગ્યો છે.

બીજી તરફ, દાયકાઓ જૂના સુરક્ષા કરાર હોવા છતાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સાઉદી પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની વિનંતી સામે સીધી સ્ટ્રાઈક કરવાની ના પાડી દીધી છે. અમેરિકા અને બ્રિટન દરિયાઈ વિસ્તારમાં પોતાના જહાજો બચાવવામાં વ્યસ્ત છે અને યમનના પહાડી વિસ્તારોમાં હુથીઓ સામે ગુરિલ્લા યુદ્ધ લડવાનું ભારે જોખમ કે ખર્ચ ઉઠાવવા તૈયાર નથી. અતિ અદ્યતન એર ડિફેન્સ સિસ્ટમ હોવા છતાં સસ્તા ડ્રોન અને મિસાઈલો સામે સાઉદીની સુરક્ષા વ્યવસ્થા ખોખલી સાબિત થઈ છે. જો આ સંઘર્ષ વધુ વકરશે તો સમગ્ર પશ્ચિમ એશિયામાં મોટા પાયે યુદ્ધ ફાટી નીકળશે, જેની સીધી અસર સામાન્ય જનતાના ખિસ્સા સુધી પહોંચશે.

### ભારતીય યુદ્ધ જહાજ

(પાના નં. ૧ થી આગળ)

બની હતી. ભારતે આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી હતી. બીજા દિવસે ૧૬ સપ્ટેમ્બરે નવી દિલ્હી સ્થિત પાકિસ્તાન હાઈ કમિશનના 'ચાર્જ ડી અફેર્સ'ને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા.

પાકિસ્તાની નૌકાદળના એકમોના અસ્વીકાર્ય અને બિન-વ્યાવસાયિક વર્તન અંગે તેમની સમક્ષ સખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ભારતનું માનવું છે કે, આ વર્તન એપ્રિલ ૧૯૯૧માં બંને દેશો વચ્ચે થયેલા કરારનું સીધું ઉલ્લંઘન છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી કવાયતો, દાવપેચ અને સૈનિકોની હિલચાલ અંગે અગાઉથી જાણ કરવાની બાબતે ૧૯૯૧માં એક કરાર કરવામાં આવ્યો હતો. આ કરારની કલમ ૧૦ ચોક્કસ સાવચેતીઓ અને નિયમોનું પાલન કરવાનું ફરજિયાત બનાવે છે. ભારતે પાકિસ્તાની જહાજની આ કાર્યવાહીને આ કલમનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. વિદેશ મંત્રાલયે પાકિસ્તાનના 'ચાર્જ ડી અફેર્સ' ને આ સંદેશ સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડવાની સલાહ આપી હતી.

ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન રોકવા માટે તમામ લશ્કરી ટુકડીઓએ સાવચેતી રાખવી જોઈએ અને બંને પક્ષો વચ્ચે થયેલા કરારોનું સન્માન કરવું જોઈએ. ભારતે પોતાનો વિરોધ માત્ર દિલ્હી પૂરતો સીમિત રાખ્યો નથી. ઇસ્લામાબાદમાં ભારતના 'ચાર્જ ડી અફેર્સ' ને પણ પાકિસ્તાનના વિદેશ મંત્રાલય સમક્ષ આવો જ વિરોધ નોંધાવવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. આ પગલું દર્શાવે છે કે ભારત આ મુદ્દો દ્વિપક્ષીય સ્તરે ઉઠાવી રહ્યું છે.

### 'દાદાસાહેબ ફાળકે

(પાના નં. ૧ થી આગળ)

છેલ્લા ઘણા દાયકાઓથી તેમના સહજ અભિનય, અસાધારણ વૈવિધ્ય અને તેજસ્વી કલાકારીએ ભારતીય સિનેમા, ખાસ કરીને કન્નડ ફિલ્મ ઉદ્યોગ પર ઊંડી છાપ છોડી છે. તેમણે ભજવેલા દરેક પાત્રમાં અદ્ભૂત ઊંડાણ અને પ્રમાણિકતા લાવી આપી છે, જે એક સાચા પ્રતિષ્ઠિત કલાકાર માટે ખરેખર સર્વોચ્ચ અને યોગ્ય સન્માન છે.

# મોદીજી હિંમત બતાવો! UPI ટેક્સ પાછો લોઃ રાહુલ ગાંધીનો મોદીને ટોણો

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર દ્વારા ૧૫ ઑક્ટોબરથી રૂ.૨,૦૦૦થી વધુના મર્ચન્ટ UPI વ્યવહારો પર ૦.૪% મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવાના નિર્ણય સામે વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી જવાનો ગંભીર આરોપ લગાવી આ ટેક્સ તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી છે. રાહુલ ગાંધીએ પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીના કિસ્સાને ટાંકીને પીએમ મોદીને ટટ્ટાર ઊભા રહી હિંમત બતાવવા કટાક્ષ કર્યો હતો અને સોશિયલ મીડિયા 'X' પર વિગતવાર વિગતો આપતાં જણાવ્યું હતું કે, સરકારે ગ્રાહકો પર ચાર્જ ન હોવાનો દાવો કર્યો હોવા છતાં દુકાનદારો પર નંખાયેલો આ બોજ આખરે મોંઘવારીના રૂપમાં સામાન્ય જનતા પાસેથી જ વસૂલાશે, કારણ કે કુલ ગડઈ મૂલ્યનો ૬૫% હિસ્સો રૂ.૨,૦૦૦થી ઉપરના આ ૫% વ્યવહારો ધરાવે છે. તેમણે અમેરિકન પેમેન્ટ કંપનીઓના દબાણ સામે 'ઝીરો-MDR' નીતિ બદલી આત્મસમર્પણ કરવાનો આરોપ લગાવતા નાણાંની તંગીની દલીલને ફગાવી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે RBI દ્વારા સરકારને અપાયેલા ૩ લાખ કરોડ સરપ્લસના માત્ર ૭.૨% હિસ્સાથી આખી UPI સિસ્ટમ વિનામૂલ્યે ચલાવી શકાય તેમ હોવા છતાં સરકારે આ નિર્ણય લીધો છે.

# જામનગરમાં પર્યુષણ મહાપર્વની પૂર્ણાહુતિઃ તપસ્વીઓના સમૂહ પારણા બાદ પ્રભુજીનો ભવ્ય વરઘોડો નીકળ્યો









તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં જૈન સમાજના પવિત્ર પર્યુષણ મહાપર્વની સંવત્સરી પર્વ સાથે આસ્થાભેર પૂર્ણાહુતિ થયા બાદ ગઈકાલે શ્રી વિશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ દ્વારા તપસ્વીઓની અનુમોદના અર્થે સમૂહ પારણા અને તપશ્ચર્યાનો ભવ્ય વરઘોડો યોજાયો હતો. પારણા સંપન્ન થયા બાદ ચાંદી બજાર સ્થિત જૈન દેરાસરથી તપસ્વીઓની શોભાયાત્રા એટલે કે ભવ્ય રથયાત્રા પ્રસ્થાન થઈ હતી. આ પ્રસંગે વોર્ડ નં. ૯ ના કોર્પોરેટર દર્શનભાઈ શેઠ અને જૈન અગ્રણી અજયભાઈ શેઠ સહિતના અનેક ધર્મપ્રેમી આગેવાનોએ હાજરી આપી તપસ્વીઓની ભાવપૂર્વક અનુમોદના કરી હતી. જામનગરના નિયત મુખ્ય માર્ગો પરથી પસાર થયેલા આ ભવ્ય વરઘોડામાં મોટી સંખ્યામાં જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓ પરંપરાગત પોશાકમાં જોડાયા હતા અને સમગ્ર શહેરનું વાતાવરણ ધર્મમય બની ગયું હતું.

# સવંત્સરી બાદ ૧૨૧ તપસ્વીઓએ કર્યા સામૂહિક પારણા





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં જૈન સમાજના પવિત્ર પર્યુષણ મહાપર્વની મંગળવારે પૂર્ણાહુતિ થતાં જૈન સમાજમાં ભારે ઉમંગ છવાયો હતો. પર્વાધિરાજની ઉજવણી અંતર્ગત સવારે શેઠજી દેરાસર, ચોરીવાળા દેરાસર, ઓશવાળ કોલોની, કામદાર કોલોની, પટેલ કોલોની અને પેલેસ રોડ દેરાસરોમાં વિશેષ પૂજન-અર્ચન યોજાયા હતા. આ ઉપરાંત વિવિધ ઉપાશ્રયોમાં આચાર્ય મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા મુનિ ભગવંતો અને સાધ્વીજીઓની નિશ્રામાં વ્યાખ્યાન યોજાયા હતા. સાંજે સમૂહ પ્રતિક્રમણ બાદ શ્રાવક-શ્રાવિકાઓએ એકબીજાને હૃદયપૂર્વક 'મિચ્છામી દુક્કડમ્' કહી ક્ષમાયાચના કરી હતી. આ ઉજવણીના ભાગરૂપે ગઈકાલે વીશા શ્રીમાળી તપગચ્છ જૈન સંઘ દ્વારા સમાજની અમૃતવાડી ખાતે ૩૬, ૩૦, ૧૮, ૯ ઉપવાસ તેમજ અઠ્ઠાઈ અને સિદ્ધિતપના ૧૨૧ જેટલા આરાધકો અને તપસ્વીઓના સમૂહ પારણાં યોજાયા હતા. પારણાં સંપન્ન થયા બાદ બપોરે ચાંદી બજાર સ્થિત શેઠજી દેરાસરથી પ્રભુજીની ભવ્ય રથયાત્રા

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં લોકમેળામાં કાનૂની સહાય અંગે પ્રચાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ભવ્ય જન્માષ્ટમી લોકમેળામાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા કાનૂની સહાય અને જાગૃતિ માટે ખાસ સ્ટોલ ઊભો કરવામાં આવ્યો હતો. બે દિવસ સુધી ચાલેલા આ સ્ટોલ દ્વારા મેળામાં આવતા મુલાકાતીઓને કાનૂની અધિકારો, વિવિધ કાનૂની ઉપાયો તથા પાત્ર વ્યક્તિઓને મળવાપાત્ર મફત કાનૂની સહાય અંગે વિગતવાર માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સચિવ અનિકેત એમ. શુક્લાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમના પ્રારંભે પેનલ વકીલ શીતલબેન ખેતીયા તેમજ જિલ્લા અને તાલુકા કાનૂની સેવા સમિતિના કર્મચારીઓ તથા પેરા કાનૂની સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. ટીમ દ્વારા સ્ટોલ પર આવતા નાગરિકો સાથે સીધો સંવાદ સાધીને કાનૂની સહાય મેળવવાની પ્રક્રિયા, પોતાના અધિકારો અને ઉપલબ્ધ સરકારી કાનૂની સેવાઓ વિશે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

લોકમેળાના પ્રથમ દિવસે જામનગર મહાનગરપાલિકાના મેયર મોનિકાબેન વ્યાસ તથા વિવિધ વોર્ડના કોર્પોરેટરોએ સ્ટોલની મુલાકાત લઈ કાનૂની જાગૃતિ માટેની સાહિત્ય સામગ્રી નિહાળી હતી. જ્યારે ગઈકાલે બીજા દિવસે નાયબ કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલાએ સ્ટોલની મુલાકાત લઈ કાનૂની સહાયની કામગીરી અંગે માહિતી મેળવી હતી. મેળામાં જનમેદની વચ્ચે આ સ્ટોલ થકી જરૂરિયાતમંદ અને પાત્ર લોકોને મફત કાનૂની સહાય મેળવવાનો સફળ પ્રયાસ કરાયો હતો.

# જામ્યુકો નિર્મિત બે કુંડમાં ગણેશની ૬૮ મૂર્તિઓનું વિસર્જન

## ખંભાળિયા બાયપાસના વિસર્જન કુંડમાં ૫૧, સરદાર રિવેરા નજીકના કુંડમાં ૧૭ મૂર્તિઓનું વિસર્જન : મનપાની વ્યવસ્થામાં ભક્તોએ નિર્ધારિત કુંડ ખાતે આપી ગણેશજીને વિદાય




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી વચ્ચે મહાનગરપાલિકા દ્વારા નિર્મિત બંને કૃત્રિમ કુંડ ખાતે ગણેશજીની વિસર્જન પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. એક દિવસના ગણપતિજીની સ્થાપના બાદ ગઈકાલે તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ વિવિધ વિસ્તારોમાંથી વિઘ્નહર્તાની મૂર્તિઓ લઈને ભક્તો અને આયોજકો વિસર્જન સ્થળે પહોંચ્યા હતા. ગઈકાલે બંને વિસર્જન કુંડ ખાતે મળીને કુલ ૬૮ ગણેશ મૂર્તિઓનું ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું.

મનપા દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ખંભાળિયા બાયપાસ ખાતેના કૃત્રિમ કુંડમાં ગઈકાલે ૫૧ ગણેશ મૂર્તિઓનું વિસર્જન થયું હતું. જ્યારે સરદાર

અનુ પાના નં.૨ પર

# શ્રાવણ ગયો છતાં જામનગરમાં જુગારી માહોલ યથાવતઃ ૧૧ મહિલા સહિત ૫૧ પકડાયા

## કોંઝા ગામે પોલીસના દરોડામાં બે બિલ્ડર પર જુગટું ખેલતાં આબાદ ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં પવિત્ર શ્રાવણ મહિનો પૂર્ણ થયો હોવા છતાં જુગારીઓનો જુગારપ્રેમ યથાવત જોવા મળી રહ્યો છે. ગઈકાલે શહેર અને જિલ્લા પોલીસે વિવિધ સ્થળે જુગાર સંબંધિત સાત સફળ દરોડા પાડીને કુલ ૧૧ મહિલાઓ સહિત ૫૧ શખ્સોને જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. આ કામગીરી દરમિયાન ૫ શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે દરોડાના સ્થળો પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને બે ફોર વ્હીલ કાર સહિત કુલ રૂ. ૨૦,૬૫,૩૭૦થી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પંચકોષી બી ડિવિઝન પોલીસે પ્રથમ દરોડામાં કોંઝા ગામની સીમમાંથી જાહેરમાં જુગાર રમતા મશરીભાઇ ધ્રાંગુ, મેહુલભાઇ રાતડીયા, સુરેશભાઇ ગંઢા, મશરીભાઇ પીઠાભાઇ ધ્રાંગુ, ઘનશ્યામભાઇ પારજીયા, રાજેશભાઇ દસલાણીયા, રાજેશભાઇ અકબરી અને ભીખાભાઇ રાતડીયાને રોકડા રૂ. ૫૪,૦૦૦, ૮ મોબાઈલ તથા ૧૨ લાખની કાર મળી કુલ રૂ. ૧૩,૦૪,૫૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. આ જ પોલીસ સ્ટેશન દ્વારા કોંઝા ગામની સીમમાં જ પાડેલા બીજા દરોડામાં નિલેશભાઇ ધ્રાંગુ, કરણભાઇ પારજીયા, મિલનભાઇ ધ્રાંગુ, રાહુલભાઇ ચાવડા, અશ્વિનભાઇ તંબોલીયા, સુરેશભાઇ રાતડીયા, પિયુશભાઇ પારજીયા, ઉર્વિશભાઇ ઉર્ફે ઉદય પારજીયા અને અરવિંદભાઇ દસલાણીયાને રોકડા રૂ. ૩૦,૦૦૦, ૯ મોબાઈલ અને ૫ લાખની કાર મળી કુલ રૂ. ૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા હતા.

લાલપુર પોલીસે દેવગઢ ગામના પાટિયા પાસે સબ સ્ટેશન પાછળથી કાનાભાઇ ઝુંઝા, દેવેંદ્રસિંહ જાડેજા, રાજુભાઇ જાપડા અને બુધાભાઇ ઝુંઝાને રૂ. ૧૨,૭૭૦ની રોકડ સાથે પકડ્યા હતા, જ્યારે રમેશભાઇ ઝુંઝા અને કેતનભાઇ કારેણા નાસી ગયા હતા. સિટી એ ડિવિઝન પોલીસે ન્યુ સાધના કોલોનીમાં રાજેશભાઇ આશર, વિજયભાઇ લાલવાણી, ધૈર્યભાઇ ઉર્ફે લાલો નિમાવત, રીશીભાઇ ઉર્ફે રવી નિમાવત અને રવિભાઇ કબીરાને રૂ. ૧૨,૫૦૦ની રોકડ સાથે ઝડપ્યા હતા.

આ ઉપરાંત, સિટી એ ડિવિઝન પોલીસે પ્રણામી ટાઉનશીપ પાસેથી ૯ મહિલાઓ સહિત ૧૬ શખ્સો - જાગ્રુતિબેન ગોરી, વનિતાબેન વાઘેલા, જયાબેન વારગ્યા, રેવતિબેન ગાંજણ, રમીલાબેન રોસીયા, અનિતાબેન રોસીયા, હંસાબેન રાઠોડ, સિતલબેન વારગ્યા, મંજુબેન વારગ્યા, નિખિલ ગાંજણ, સુરેશભાઇ વારગ્યા, બિપિનભાઇ વારગ્યા, રવિ ચૌધરી, નિખિલ વાળા, નારણદાસ શ્રીમાળી અને મહેશભાઇ વાઘેલાને રૂ. ૨૧,૪૦૦ની રોકડ સાથે પકડ્યા હતા. જ્યારે બી ડિવિઝન પોલીસે ગુલાબનગર વોકળાના કાંઠેથી ૨ મહિલા સહિત ૬ શખ્સો - હારૂન આમરોણીયા, ફારૂક બાબવાણી, રમઝાન સમા, ભરતસીંહ વાઘેલા, શહેનાઝબેન તાયાણી અને રૂકશાનાબેન સમાને રૂ. ૧૦,૬૦૦ની રોકડ સાથે ઝબ્બે કર્યા હતા. જામજોધપુર પોલીસે વાલાસણ ગામેથી મામદભાઇ બુકેરા અને ચંદુલાલ સિંગરખીયાને રૂ. ૩,૬૧૦ની રોકડ સાથે પકડ્યા હતા, જ્યારે જેન્તીભાઇ વારસકીયા, અનિલભાઇ વાઘેલા અને વિનયભાઇ મકવાણા નાસી છૂટતા પોલીસે તમામ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં છત પડવાની ઘટના બાદ જર્જરિત ઈમારત તોડી પડાઈ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના નેશનલ ગેસ્ટ હાઉસની પાછળ આવેલું એક અતિ જર્જરિત મકાનનો ભાગ એકાએક તૂટી પડવાની ઘટના સામે આવી હતી. મકાનની કથળેલી સ્થિતિને કારણે આસપાસના રહેણાંક અને વ્યાપારી વિસ્તારમાં મોટી દુર્ઘટના સર્જાય તેવી ભારે શક્યતાઓ ઊભી થઈ હતી. ઘટના અંગેની જાણ થતાં જ જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાની ટીમ તુરંત હરકતમાં આવી ગઈ હતી.

મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓએ તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આસપાસના વિસ્તારના લોકોની સુરક્ષાને ધ્યાને રાખીને તુરંત જ જર્જરિત મકાનનો બાકી રહેલો જોખમી ભાગ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મનપાની આ તાત્કાલિક કામગીરીથી કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાનિ ટળી હતી.

આ સમગ્ર કામગીરી દરમિયાન એસ્ટેટ શાખા તેમજ ટી.પી. શાખાના અધિકારીઓ સ્થળ પર ઉપસ્થિત રહ્યા હતા. મહાનગરપાલિકાના આશરે ૧૦ જેટલા કર્મચારીઓની ટીમે સાધનો સાથે મકાનનો જોખમી હિસ્સો સુરક્ષિત રીતે દૂર કરવાની કામગીરી

અનુ પાના નં.૨ પર

# જામનગરના સાત રસ્તા નજીકથી દબાણ હટાવાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં લાલબંગલા થી સાત રસ્તા સુધી ના મુખ્ય માર્ગ ઉપર ગેર કાયદેસર અનેક હોડીગ જોખમી રીતે છે હોય તે દૂર કરવા એસ્ટેટ વિભાગમે મેદાન માં આવીયુ હતું. જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડ રેકડી પથારા તેમજ જિલ્લા પંચાયતના સાત રસ્તા સુધી થાંભલા ઉપર વોર્ડિંગ ની દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી.



તસવીરઃ હિરેન ગાંધી

# પટેલ કોલોની શેરી નં. ૫ માં રોડના કામ વચ્ચે પીવાના પાણીનો ભારે વેડફાટઃ લતાવાસીઓ પરેશાન

## જામનગરના વામ્બે આવાસ નજીક લેવલ વગરના રસ્તાને કારણે વાહનચાલકો પરેશાન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના પટેલ કોલોની વિસ્તારમાં આવેલી શેરી નંબર ૫ માં ગઈકાલે રોડનું કામ ચાલુ હોવા દરમિયાન તંત્રની બેદરકારીના કારણે પીવાના પાણીનો ભારે વેડફાટ જોવા મળ્યો હતો. રોડનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હોવાથી રસ્તાઓ ખોદાયેલા છે, જે દરમિયાન પીવાના પાણીના વિતરણનો સમય થતાં પાણીની પાઈપલાઈન કે ખુલ્લા જોડાણોમાંથી હજારો લિટર પાણી રસ્તા પર વહી ગયું હતું. એક તરફ શહેરમાં પાણીની બચત કરવાની વાતો થાય છે, ત્યારે બીજી તરફ આ પ્રકારે પાણીનો દુર્વ્યય થતાં સ્થાનિકોમાં ભારે અસંતોષ વ્યાપ્યો હતો.




તસવીરઃ હિરેન ગાંધી

આ ઉપરાંત, રોડના કામના કારણે રસ્તા પર કાદવ-કીચડ અને ખાડાઓનું સામ્રાજ્ય સર્જાતાં લતાવાસીઓને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પીવાના પાણીના સમયે જ રસ્તા પર પાણી ફરી વળતાં પગપાળા ચાલતા નાગરિકો અને વાહનચાલકો ભારે અગવડતા ભોગવી રહ્યા છે. મહાનગરપાલિકાના જવાબદારી સોંપાયેલા કોન્ટ્રાક્ટર કે અધિકારીઓ દ્વારા યોગ્ય આયોજન વગર કામગીરી કરવામાં આવતી હોવાથી આ સમસ્યા સર્જાઈ હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે અને ત્વરિત યોગ્ય ઉકેલ લાવવા માગ કરી છે.

જામનગર શહેરમાં વામ્બે

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લામાં મેઘકૃપા અને ફોફળ ડેમ-૨ માં નર્મદાના નીરથી ૩.૩૮ લાખ હેક્ટરના પાકને સંભવિત નવજીવન

## જિલ્લામાં સિઝનનો ૩૭% વરસાદ છતાં જળાશયોમાં ઓછી આવકઃ કાલાવડ તાલુકાના ખેડૂતો માટે સૌની યોજના અંતર્ગત પાણી છોડાયું









તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં ભાદરવાની શરૂઆત સાથે જ વરસાદી માહોલ જામ્યો છે. શહેર અને જિલ્લામાં વરસેલા વરસાદને પગલે સિઝનનો કુલ વરસાદ ૩૭.૩૫ ટકાએ પહોંચ્યો છે. ગઈકાલે જોડિયામાં પોણા ત્રણ ઈંચ તેમજ કાલાવડ, ધ્રોલ, જામજોધપુર અને લાલપુર પંથકમાં પણ અડધાથી એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આ વરસાદના કારણે મોંઘા ખાતર-બિયારણના વાવેતર બાદ સુકાઈ રહેલા જિલ્લાના આશરે ૩.૩૮ લાખ હેક્ટર વિસ્તારના ઊભા ખરીફ પાકને નવજીવન મળવાની આશા જાગી છે. ખાસ કરીને સૌથી વધુ ૨.૧૬ લાખ હેક્ટરમાં લહેરાતા મગફળીના પાક તેમજ કપાસ અને સોયાબીનને મોટો ફાયદો થતાં ધરતીપુત્રોમાં રાહતની લાગણી વ્યાપી છે.

જોકે, બીજી તરફ સમગ્ર જિલ્લામાં દોઢથી છ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હોવા છતાં જિલ્લાના ૨૫ પૈકી એકપણ જળાશયમાં પાણીની નોંધપાત્ર આવક થઈ નથી, જેને કારણે કેમિકલ કે સિંચાઈના પાણી ચિત્ર અંગે હજુ પણ કેટલીક જગ્યાએ ચિંતા જળવાયેલી છે. આવી પરિસ્થિતિ વચ્ચે કાલાવડ તાલુકામાં વરસાદ ખેંચાતા ખેડૂતોના મહામૂલા પાકને બચાવવા માટે તંત્ર અને સ્થાનિક આગેવાનોના પ્રયાસોથી ફોફળ ડેમ-૨ માં સૌની યોજના મારફતે નર્મદાનું પાણી છોડવામાં આવ્યું છે. ડાંગરવાડા, નાના વડાળા,

અનુ પાના નં.૨ પર

## તળાવમાં નવાનીરની આવકથી બોર-કુવાના તળ ઉંચા આવવાની વધતી શક્યતા

જામનગર શહેરમાં સોમવારે મેઘરાજાએ ધમાકેદાર આગમન કર્યા બાદ ગઈકાલે મોડી રાત્રે વરસેલા મુશળધાર વરસાદને કારણે શહેરની મધ્યમાં આવેલા ઐતિહાસિક રણમલ તળાવમાં નવા નીરની આવક નોંધાઈ છે. ચાલુ ચોમાસાની સિઝનના પ્રથમ ધીંગા વરસાદના પગલે કેનાલ વાટે તળાવમાં પાણીની ધીમી પણ સતત આવક જોવા મળી હતી. જેના કારણે ખાસ કરીને જૂના જામનગરમાં રહેતા નાગરિકોમાં હરખની હેલી સાથે ભારે રાહતની લાગણી વ્યાપી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે જામનગરની મધ્યમાં સ્થિત રણમલ તળાવ એ જૂના શહેરના મોટા ભાગના વિસ્તારો માટે જીવાદોરી સમાન ગણાય છે. છેલ્લા કેટલાક દિવસોથી મેઘરાજાએ ખેંચાણ કરતાં અને વિરામ લેતાં, શહેરીજનોને પીવાનું પાણી પૂરું પાડતા જળાશયોમાં તળિયાઝાટક પરિસ્થિતિનું નિર્માણ થયું હતું અને અત્યંત નજીવો જળજથ્થો જ ઉપલબ્ધ રહ્યો હતો. આવી સ્થિતિમાં વરસાદનું આગમન શહેર માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે.

તળાવમાં નવા નીરની ધીંગી આવક થવાના કારણે આગામી દિવસોમાં આસપાસના વિસ્તારોના ભૂગર્ભ જળસ્તર પણ ઊંચા આવશે. જેના પગલે બોર અને ડંકીઓ મારફતે નાગરિકોને પૂરતું પાણી મળી રહેશે. મેઘરાજાએ જામનગરને ધમરોળ્યા બાદ સવારે તળાવમાં પાણીની આવક શરૂ થતાં શહેરીજનો સહિત સૌ કોઈએ હાલ પૂરતી મોટી રાહત અનુભવી છે અને આગામી દિવસોમાં પણ મેઘકૃપા જળવાઈ રહે તેવી ઈચ્છા વ્યક્ત કરી છે.

# વીજપોલમાંથી વાયરની ચોરી કરનાર ટોળકીના પાંચ શખ્સો સવા બે લાખના મુદામાલ સાથે ઝડપાયા

## ચોરાઉ મુદામાલ ખરીદ કરનાર બે શખ્સોના નામ ખુલતા ધરપકડની તજવીજ

**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોલ તાલુકાના ખારવા ગામથી જાયવા ગામ તરફ જવાના રસ્તા પાસે આવેલ વીજ પોલમાંથી આશરે ૧૨૦૦ મીટર લંબાઈના રૂ. ૫૪,૩૭૫ ની કિંમતના એલ્યુમિનિયમ વાયરની ચોરીનો ધ્રોલ પોલીસે ગઈકાલે પર્દાફાશ કર્યો હતો. પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે વાંકિયા ગામ પાસે હાઇવે પર સુપર કેરી ગાડીને




રોકી તપાસ કરતાં આંતરરાજ્ય/સ્થાનિક ગેંગના પાંચ શખસો ઝડપાઈ ગયા હતા. ઝડપાયેલા આરોપીઓમાં સુકલિયો વિજયભાઈ રાઠોડ, અરવિંદ કરણ મનોજભાઈ મકવાણા, અશ્વિન ઉર્ફે કિશોરભાઈ સોલંકી, કમલેશ ઉર્ફે રામ મગનભાઈ રાઠોડ અને વિશાલ ઉર્ફે બાડીયો કેશુભાઈ રાઠોડનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ઉપયોગમાં

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ૩ પોલીસ અધિકારીઓ સામે સમન્સનો આદેશઃ ACBની કાર્યવાહીમાં ગુનો નોંધાયા પહેલાં જ સર્ચ અને પંચનામું, ખાનગી ફરિયાદમાં કોર્ટે પ્રથમદર્શનીય ગુનો માન્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ અદાલતે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB)ની કામગીરી સામે દાખલ કરવામાં આવેલી ખાનગી ફરિયાદમાં ગઈકાલે એક મહત્વનો ચુકાદો આપ્યો છે. ફરિયાદી ચંદ્રવિજયસિંહ એચ. ઝાલા દ્વારા વર્ષ ૨૦૧૯માં ACB દ્વારા તેમના ઘર તેમજ કહેવાતી ઓફિસ ખાતે કરવામાં આવેલી સર્ચ અને પંચનામાની કાર્યવાહી સામે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. કોર્ટે રજૂ થયેલા દસ્તાવેજો અને પુરાવાઓના આધારે પ્રથમદર્શનીય ગુનો બનતો હોવાનું માની આ ફરિયાદને ફોજદારી કેસ તરીકે રજિસ્ટરે લેવાનો આદેશ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, જામનગર અઈઇ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૦૪/૨૦૧૯ હેઠળ વિધિવત ગુનો નોંધવામાં આવ્યો તે પહેલાં જ ફરિયાદીના સંબંધિત સ્થળોએ ગેરકાયદેસર રીતે સર્ચ અને પંચનામાની કામગીરી કરવામાં આવી હતી. ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે અધિકારીઓ દ્વારા આ કાર્યવાહી કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ જઈને તેમને આર્થિક તથા સામાજિક નુકસાન પહોંચાડવાના ઈરાદાથી કરવામાં આવી હતી. આ મામલે ફરિયાદી પક્ષે કોર્ટ સમક્ષ આધારભૂત દસ્તાવેજો અને પુરાવાઓ રજૂ કર્યા હતા. અદાલતે ફરિયાદીની રજૂઆત, સોગંદનામા પર નોંધાયેલા નિવેદન તેમજ દસ્તાવેજી પુરાવાઓનું બારીકાઈથી અવલોકન કર્યું હતું. પુરાવાના આધારે જાહેર સેવક દ્વારા કાયદાની અવગણના કરવા બદલ ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૧૬૬ અને મદદગારી કરવા બદલ

અનુ પાના નં.૨ પર

# જામનગરના સુભાષ બ્રિજ પાસે બજરંગ પાનમાં મારમારી કરનાર આરોપીઓનું પોલીસ દ્વારા રી-કન્સ્ટ્રક્શન કરાયું













તસવીરઃ હિરેન ગાંધી

જામનગર શહેરના સુભાષ બ્રિજ નજીક આવેલા બજરંગ પાનની દુકાન પાસે બે દિવસ અગાઉ યુવક પર હુમલો કરી મારામારી કરવાના બનાવમાં સિટી બી ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લેવાયેલા આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. ગઈકાલે પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીઓને ઘટનાસ્થળે સાથે રાખીને આખી ઘટનાનું તાદ્રશ્ય પુનરાવર્તન કરાવ્યું હતું. પોલીસે લોકમુખે કાયદાનો ભય જળવાઈ રહે અને વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલ રહે તે હેતુથી હાથ ધરેલી આ કડક કાર્યવાહીના પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બની છે.

# શ્રાવણી મેળાના સફળ આયોજન બદલ કર્મચારીઓનું સન્માન






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં આયોજિત ભવ્ય શ્રાવણી લોકમેળા-૨૦૨૬ દરમિયાન પોતાની ઉત્કૃષ્ટ સેવાઓ આપી મેળાને સફળ બનાવનાર મહાનગરપાલિકાના કર્મયોગીઓનું સન્માન કરવા માટે ગઈકાલે એક વિશેષ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મેળાના આયોજનને સફળ બનાવવામાં મહત્વનો ભાગ ભજવનાર કર્મચારીઓની કામગીરીની સરાહના કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ જામનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મોનિકાબેન વ્યાસના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં રાત-દિવસ જોયા વિના શ્રાવણી લોકમેળા-૨૦૨૬ દરમિયાન અત્યંત નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવનાર તમામ કર્મચારીઓ અને અધિકારીઓની સેવાઓની કદર કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તમામ કર્મયોગીઓને સાલ ઓઢાડીને તેમજ પ્રશસ્તિ પત્ર એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ગૌરવપૂર્ણ પ્રસંગે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનકુમાર મોનાણી, શાસકપક્ષ નેતા અમરભાઈ મોદી, દંડક પ્રવિણાબેન રૂપડીયા, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન હર્ષાબા જાડેજા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પરસોતમભાઈ કકનાણી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ડેપ્યુટી કમિશ્નર ડી.એ. ઝાલા, આસિસ્ટન્ટ કમિશ્નર મુકેશભાઈ, શહેર ભાજપ મહામંત્રીઓ, વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરો તેમજ મનપા ના અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જોગવડમાં નોંધાયેલી લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ રદ કરતી હાઈકોર્ટ

**સમય સંદેશઃ જામનગર**

મહારાષ્ટ્રના ભીવંડી ખાતે રહેતા નીકેશભાઈ કરણીયાએ લાલપુર તાલુકાના જોગવડ ગામમાં આવેલી પોતાની વડીલોપાર્જિત ખેતીની જમીન વાવવા માટે સ્થાનિક હેમંતસિંહ દેવુભા કેર અને હિતેન્દ્રસિંહ પ્રભાતસિંહ કેરને આપી હતી. નીકેશભાઈ દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં બંને શખ્સો જમીનનો કબજો છોડતા ન હતા અને તેમાં મગફળી તેમજ જુવારનું વાવેતર કરી આર્થિક લાભ મેળવી જમીન પચાવી પાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ મામલે નીકેશભાઈએ ગઈકાલે પોલીસ સ્ટેશનમાં હેમંતસિંહ કેર અને હિતેન્દ્રસિંહ કેર વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો હતો. પોલીસ ફરિયાદ નોંધાયા બાદ બંને આરોપીઓએ પોતાના સામેની આ ફરિયાદ રદ કરાવવા માટે ગુજરાત હાઇકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા અને ક્વોશિંગ પિટિશન દાખલ કરી હતી. હાઇકોર્ટે કેસની તમામ બાબતો અને દલીલો ધ્યાને લીધા બાદ બંને આરોપીઓ સામેની લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ રદ કરવાનો મહત્વપૂર્ણ હુકમ કર્યો છે. આ સમગ્ર કાનૂની કેસમાં આરોપીઓ તરફથી વિદ્વાન વકીલ શ્રી હિતેશ ડી. સોનગરા રોકાયા હતા.

# જિલ્લા ભાજપ દ્વારા વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી

**સમય સંદેશઃ જામનગર**

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ તેમજ તેમના ૨૫ વર્ષના અવિરત જનસેવા અને રાષ્ટ્રસેવાના ગૌરવપૂર્ણ સફરની ઉજવણીના ભાગરૂપે આવતીકાલથી જામનગર જિલ્લા ભાજપ દ્વારા સમગ્ર જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬'નો શુભારંભ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાન અંતર્ગત બુથ પ્રમુખથી લઈને જિલ્લા પ્રમુખ અને સરપંચથી લઈને સાંસદ સુધીના તમામ જનપ્રતિનિધિઓ તથા કાર્યકરો સક્રિય રીતે જોડાયા છે. અભિયાનને સુચારુ બનાવવા માટે જિલ્લા અને મંડલ કક્ષાએ સુવ્યવસ્થિત આયોજન સાથે કાર્યશાળાઓ પણ યોજવામાં આવી છે.

આજે તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૯-૦૦ કલાકે જિલ્લામાં વિવિધ ૪ સ્થળોએ ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં માનવસેવાના આ મહાયજ્ઞમાં વધુમાં વધુ યુવાનો અને નાગરિકોને સ્વૈચ્છિક રક્તદાન કરવા અપીલ કરાઈ છે. આ ઉપરાંત, વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય અને 'વિકસિત ભારત-૨૦૪૭'ના સંકલ્પ સાથે વિવિધ સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી જિલ્લામાં ૧૦ સ્થળોએ 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાશે. જિલ્લા ભાજપ દ્વારા દરેક નાગરિકને પોતપોતાના ઘર, ગામ કે શહેરમાં એક દીવડો પ્રગટાવી શુભકામનાઓ પાઠવવા અનુરોધ કરાયો છે.

વિશેષરૂપે આજે શાળાઓમાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના અને સર્જનાત્મકતા કેળવાય તે હેતુથી જિલ્લાની આશરે ૬૦૦ શાળાઓમાં 'વિકસિત ભારત' થીમ પર આધારિત ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લામાં સેવા સેતુ અને આંગણવાડી સંબંધિત અનેકવિધ જનકલ્યાણકારી પ્રકલ્પો હાથ ધરવામાં આવશે. ગુજરાતના ગૌરવ એવા વડાપ્રધાનના જન્મદિવસે સેવા અને સમર્પણની ભાવનાને વધુ મજબૂત બનાવતા આ અભિયાનમાં જિલ્લાના તમામ નાગરિકોને બહોળી સંખ્યામાં સહભાગી થવા જામનગર જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા હાર્દિક અપીલ કરવામાં આવી છે.



તસવીરઃ હિરેન ગાંધી

# જામનગરના શેખપાટ ગામની સીમમાં ગેરકાયદે ખનન ઝડપાયુંઃ રૂ. ૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીક આવેલા શેખપાટ ગામના સીમ વિસ્તારમાં ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી મળેલી ફરિયાદના આધારે હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન બિનઅધિકૃત રીતે થતું મુરમ ખનિજનું ગેરકાયદે ખનન અને વહન ગઈકાલે ઝડપી પાડવામાં આવ્યું હતું. ભૂસ્તરશાસ્ત્રી વિભાગની ટીમ જેમાં નિખીલભાઈ, આનંદભાઈ, નૈતિકભાઈ અને રજનીકાંતભાઈએ સ્થળ પર કાર્યવાહી હાથ ધરીને ૧ ટ્રક અને ૧ જેસીબી મશીન સહિત અંદાજે રૂ. ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીમ દ્વારા તાત્કાલિક સ્થળ પંચનામું કરી તમામ મુદ્દામાલ આગળની કાનૂની કામગીરી અર્થે ધુવાવ પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો હતો.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com